**GUJARAT BILL NO. 10 OF 2019.**

# THE INDIAN PARTNERSHIP (GUJARAT AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Indian Partnership Act, 1932 in its application to the State of Gujarat.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦ .**

## ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૯.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ભારતનો ભાગીદારી ( ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૩૨-નો ગુજરાતનો ૯ મો.**

**સન ૧૯૩૨-ના ૯મા અધિનિયમની અનુસૂચિ ૧ બદલવા બાબત.**

૨. ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતા, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-માં, અનુસૂચિ ૧ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

“ અનુસૂચિ-૧

મહત્તમ ફી

(જુઓ કલમ ૭૧ની પેટા-કલમ (૧)

| **જેના સંબંધમાં ફી ચૂકવવાપાત્ર હોય તેવો દસ્તાવેજ અથવા કૃત્ય** | **મહત્તમ ફી** |
|---|---|
| કલમ ૫૮ હેઠળનું પત્રક | ત્રણસો રૂપિયા. |
| કલમ ૬૦ હેઠળનું પત્રક | એકસો પચાસ રૂપિયા. |
| કલમ ૬૧ હેઠળની ખબર | એકસો પચાસ રૂપિયા. |
| કલમ ૬૨ હેઠળની ખબર | એકસો પચાસ રૂપિયા. |
| કલમ ૬૩ હેઠળની નોટિસ | એકસો પચાસ રૂપિયા. |
| કલમ ૬૪ હેઠળની અરજી | એકસો પચાસ રૂપિયા. |
| કલમ ૬૬ની પેટા-કલમ (૧) હેઠળ પેઢીઓના રજિસ્ટરની તપાસણી | રજિટરનું એક પુસ્તક તપાસવા માટે પચાસ રૂપિયા. |
| કલમ ૬૬ની પેટા-કલમ (૨) હેઠળ પેઢીને લગતા દસ્તાવેજોની તપાસણી | એક પેઢીને લગતા તમામ દસ્તાવેજો તપાસવા માટે પચાસ રૂપિયા. |
| પેઢીઓના રજિસ્ટરમાંથી નકલો | દરેક સો શબ્દો અથવા તેના ભાગ માટે પચાસ રૂપિયા.”. |

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલો પૂરતો, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૭૧ની પેટા-કલમ (૧)થી, પેઢીઓના રજિસ્ટ્રારને મોકલેલા દસ્તાવેજો સાથે સામેલ કરવાની ફી અથવા પેઢીઓના રજિસ્ટ્રારની કસ્ટડીમાંના દસ્તાવેજોની તપાસણી માટે ચૂકવવાપાત્ર રહેશે તેવી ફી અથવા પેઢીઓના રજિસ્ટ્રાર પાસેથી નકલો મેળવવા માટેની ફી, નિયમોથી ઠરાવવાની રાજ્ય સરકારને સત્તા મળે છે. સદરહુ કલમ ૭૧ની પેટા-કલમ (૧)ના પરંતુક અનુસાર આવી ફી, અધિનિયમની અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી મહત્તમ ફી કરતાં વધવી જોઈશે નહિ. વહીવટી ખર્ચ અને લેખનસામગ્રીની કિંમતમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થયેલી છે તેમ છતાં, એપ્રિલ, ૧૯૯૧થી અત્યાર સુધી સદરહુ અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલી મહત્તમ ફીમાં સદરહુ મુદત દરમિયાન વધારો કરવામાં આવ્યો નથી. તેથી આવા વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે, સદરહુ અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલી મહત્તમ ફીમાં વધારો કરવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સન ૧૯૩૨-નો સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરે છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે .

તારીખ: ૨૮મી જૂન, ૨૦૧૯. **નીતિન પટેલ.**

**પુરવણી**

**ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા) માંથી ઉતારા.**

---

અનુસૂચિ-૧

અધિકતમ ફી

(જુઓ કલમ ૭૧ની પેટા-કલમ (૧))

| **ફી પાત્ર દસ્તાવેજ અથવા કૃત્ય** | **વધુમાં વધુ ફી** |
|---|---|
| કલમ ૫૮ હેઠળનું પત્રક | પચાસ રૂપિયા. |
| કલમ ૬૦ હેઠળનું પત્રક | પચીસ રૂપિયા. |
| કલમ ૬૧ હેઠળની ખબર | પચીસ રૂપિયા. |
| કલમ ૬૨ હેઠળની ખબર | પચીસ રૂપિયા. |
| કલમ ૬૩ હેઠળની નોટિસ | પચીસ રૂપિયા. |
| કલમ ૬૪ હેઠળની અરજી | પચીસ રૂપિયા. |
| કલમ ૬૬ની પેટા-કલમ (૧) હેઠળ પેઢીઓના રજિસ્ટરની તપાસણી | રજિસ્ટરનું એક પુસ્તક તપાસવા માટે દસ રૂપિયા. |
| કલમ ૬૬ની પેટા-કલમ (૨) હેઠળ પેઢીને લગતા દસ્તાવેજોની તપાસણી | એક પેઢીને લગતા તમામ દસ્તાવેજો તપાસવા માટે દસ રૂપિયા. |
| પેઢીઓના રજિસ્ટરમાંની નકલો | દરેક સો શબ્દો અથવા તેના ભાગ માટે પચાસ રૂપિયા. |

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦ ]

ગુજરાત  રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,

નાણા મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના જૂન મહિનાની ૨૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

## THE INDIAN PARTNERSHIP (GUJARAT AMENDMENT) BILL, 2019.

## GUJARAT BILL NO. 10 OF 2019.

***A BILL***

*further to amend the Indian Partnership Act,1932 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows: -

**Short title and commencement.**

**1**. (1) This Act may be called the Indian Partnership (Gujarat Amendment) Act, 2019.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazett*e, appoint.

**Substitution of Schedule I to 9 of 1932.**

**2.** In the Indian Partnership Act, 1932, in its application to the State of Gujarat, for Schedule I, the following Schedule shall be substituted, namely:- **9 of 1932.**

"SCHEDULE I
MAXIMUM FEES
(*See* sub-section *(1)* of section 71)

| **Document or act in respect of which the fee is payable** | **Maximum fee** |
|---|---|
| Statement under section 58 | Three hundred rupees. |
| Statement under section 60 | One hundred fifty rupees |
| Intimation under section 61 | One hundred fifty rupees |
| Intimation under section 62 | One hundred fifty rupees |
| Notice under section 63 | One hundred fifty rupees |
| Application under section 64 | One hundred fifty rupees |
| Inspection of the Register of Firms under sub-section *(1)* of section 66 | Fifty rupees for inspecting one volume of the register |
| Inspection of documents relating to a firm under sub-section *(2)* of section 66 | Fifty rupees for inspection of all documents relating to one firm |
| Copies from the Register of Firms | Fifty rupees for each hundred words or part thereof.". |

## STATEMENT OF OBJECTS AND REASONS

Sub-section (1) of section 71 of the Indian Partnership Act, 1932, in its application to the State of Gujarat, empowers the State Government to prescribe by rules, the fees which shall accompany documents sent to the Registrar of Firms, or which shall be payable for inspection of documents in the custody of the Registrar of Firms, or for copies from the Registrar of Firms. According to the proviso to sub-section *(1)* of the said section 71, such fees shall not exceed the maximum fees specified in the Schedule-I to the Act. The maximum fees specified in the said Schedule I have not been enhanced since April, 1991 by the State of Gujarat, although the administrative expenses and stationary charges have progressively increased during this period. It is, therefore, proposed to increase the maximum fees specified in the said Schedule I to meet with such growing expenses.

This Bill seeks to amend the said central Act of 1932 to achieve the aforesaid object.

**NITIN PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

The delegation of legislative power, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 28th June, 2019. **NITIN PATEL.**

***ANNEXURE***

**EXTRACT FROM THE INDIAN PARTNERSHIP ACT, 1932.**

**(9 of 1932)**

**SCHEDULE I**

**MAXIMUM FEES**

**(*See* sub-section *(1)* of section 71)**

| Document or act in respect of which the fee is payable | Maximum fee |
|---|---|
| Statement under section 58 | Fifty rupees. |
| Statement under section 60 | Twenty-five rupees |
| Intimation under section 61 | Twenty-five rupees |
| Intimation under section 62 | Twenty-five rupees |
| Notice under section 63 | Twenty-five rupees |
| Application under section 64 | Twenty-five rupees |
| Inspection of the Register of Firms under sub-section (1) of section 66 | Ten rupees for inspecting one volume of the Register. |
| Inspection of documents relating to a firms under sub-section (2) of section 66 | Ten rupees for the inspection of all documents relating to one firm |
| Copies from the Register of Firms | Fifty rupees for each hundred words or part thereof. |

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 10 OF 2019.**

***A B I L L***

*further to amend the Indian Partnership Act,1932 in its application to the State of Gujarat.*

**[SHRI NITIN PATEL,**
**MINISTER FOR FINANCE]**

**( As published in the Gujarat Government Gazette of the 28th June, 2019)**

**D.M.Patel,**

**Secretary,**

**Gujarat Legislative Assembly.**